ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૫. ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૪ ટકા
ગાંધીનગર તાપમાન

આજે ફૂલકાજળી વ્રત : ફૂલ સૂંઘીને ફળાહાર કરવાનું વ્રત

કુંવારી કન્યાઓ સુયોગ્ય વરની પ્રાપ્તિ માટે ફૂલકાજળી વ્રત કરે છે

ગાંધીનગર, તા. ૧૩

રવિવાર, ૧૪ ઓગષ્ટના રોજ શ્રાવણ મહિનાના વદ પક્ષની ત્રીજ તિથિ છે. આ દિવસે ફૂલકાજળી વ્રત કરવામાં આવે છે. ફૂલકાજળી શિવ-પાર્વતી અને ચોથનું વ્રત ગણેશજી માટે કરવામાં આવે છે. કુંવારી કન્યાઓ સુયોગ્ય વરની પ્રાપ્તિ માટે ફૂલકાજળી વ્રત કરે છે. આ દિવસે આખો દિવસ ફૂલ સુંઘીને જ ફળફળાદી-પાણી સહિતની વસ્તુઓ ખાઈ વ્રતની ઉજવણી કરવામાં આવે છે. જ્યારે લગ્નજીવનમાં સુખ-શાંતિ જળવાયેલી રહે તે માટે અનેક પરિણિતાઓ પણ આ દિવસે વ્રત કરે છે. ગુલાબ, મોગરો, કેવડો કે અન્ય કોઈ પણ ફૂલ સુંઘી શકાય છે. આ વ્રતની વિશેષ ખાસિયત એ છે કે કોઈપણ વસ્તુ ખાવા-પીવા માટે ફૂલ સૂંઘીને અંગીકાર કરવામાં આવે છે. ચાહે પાણી પીવું હોય, ભોજન કરવું હોય કે અલ્પાહાર લેવો હોય.શ્રાવણ માસ એટલે પર્વ અને વ્રતોનો પવિત્ર મહિનો. જેમાં મોટા તહેવારોની સાથે સાથે ઘણા બધા વ્રતો પણ આવે છે. ૨

ઘૌરીવ્રતથી પ્રારંભ થાય છે અને ફૂલકાજળી વ્રતથી શ્રાવણના વ્રત સંપન્ન થાય છે. વ્રતના કારણે બજારો ફળોથી ઉભરાઈ રહ્યા છે. જેમાં સફરજન, નાસપતિ, જમરૂખ, કેળાની માંગ જોરદાર ચાલી રહી છે અને ફળોના ભાવ પણ વધારે નોંધાયા છે.

ફૂલકાજળી વ્રત

માતા પાર્વતીએ ભોળાનાથને પામવા આકરા વ્રત અને તપ કર્યા હતા. કહેવાય છે કે ભોળાનાથને પામવા માટે માતાએ જે વ્રત કર્યા તેમાંથી કોઈ એક વ્રત કરીએ તો માતા પાર્વતી યોગ્ય વર આપે છે. શ્રાવણ મહિનો એટલે ભોળાનાથની પ્રાપ્તિ સાધનોનો અવસર આ માસની ત્રીજના દિવસે ફૂલકાજળી વ્રત કરવામાં આવે છે. શ્રાવણ વદ ત્રીજને દિવસે આ વ્રત ખાસ કરીને કુંવારી કન્યાઓ કરે છે. પવિત્ર શ્રાવણ માસના વદ પક્ષની ત્રીજ તિથિએ કુંવારિકા સવારે સૂર્યોદય પહેલા જાગીને સ્નાન વગેરેથી પરવારી શણગાર સજી ભગવાન ભોળાનાથના મંદિરે જઈ પ્રથમ શિવ-પાર્વતીની શ્રદ્ધાથી પૂજા કરવી ત્યારબાદ ગણેશજીની ભાવથી પૂજા કરવી. પછી ફૂલ સૂંઘીને ફળાહાર કરવો. આ દિવસે વ્રત કરનારે પ્રભુને પરમ પ્રિય એવા ફૂલને સૂંઘ્યા પછી જળપાન કે ફળાહાર કરવો ઉત્તમ મહેંકવાળુ કોઈ પણ ફૂલ લઈ શકાય. સાથે જ સૂર્યાસ્ત પછી તરત જ જગતમાતા ગાયની પૂજા કરવી. રાત્રે જાગરણ કરવું. આરાધ્ય દેવની સ્તુતિ કરવી. દેવો પુરાણો કહે છે પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિભાવથી આ વ્રત કરનારના સમગ્ર જીવન અને સંસારમાં સુખની સુગંધ મહેકે છે. ભોળાનાથના વ્રતની કૃપાથી વ્રત કરનારના સર્વ મનોરથ સિદ્ધિને વરે છે. પાંચ વર્ષ પછી વ્રતના પાયણાં કરવામાં આવે છે. વ્રતની ઉજવણીમાં પાંચ કુંવારી કન્યાઓને ગોરણી કરવાની હોય છે. ચાંદીનું એક ફૂલ સ્થાપનામાં રાખી ગોરણીઓને જમાડી યથાશક્તિ દાન દક્ષિણા આપવાથી આ વ્રત પૂર્ણ થાય છે. કોઈપણ વ્રતમાં સાચા ભાવથી પૂજા કરવામાં આવે તો વ્રત ચોક્કસ ફળે છે.

જન્મદિને વધામણી

દિનેશકુમાર બલદેવભાઇ પટેલ
મો. ૯૮૨૪૯ ૬૭૦૫૫

પ્રકાશ એસ અચારી
મો. ૯૯૨૪૮ ૨૩૭૦૪

હેમંત દવે
મો. ૯૯૯૮૭ ૨૨૩૪૪

ભગવતીપ્રસાદ જી રાવલ
મો. ૯૯૭૮૧ ૬૭૬૮૮

હર્ષિત તરૂણકુમાર શુક્લ
મો. ૮૨૦૦૯ ૯૦૬૩૩

વાઘેલા કિરણસિંહ
મેનેજર - મુક્તિધામ, ગાંધીનગર, રેડક્રોસ - ગાંધીનગર

શાહ જૈનિકા જૈનેષભાઈ
મો. ૭૮૫૯૯ ૫૮૭૬૭

ઠાકોર તમન્ના દિલિપભાઈ

નેચર ફર્સ્ટ પ્લાસ્ટિક મુક્ત અભિયાન

ગાધીનગર,તા.૧૩

આજ રોજ ૫૪ માં અઠવાડિયે નેચર ફર્સ્ટ દ્વારા પટેલ પાર્લર સેક્ટર -૨૨ આસપાસ પ્લાસ્ટિક કચરો વીણવાનું અભિયાન કરી માન. પૂ. ગૃહમંત્રી શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ વક્તવ્ય આપેલ અને ભામાશા શ્રી એન પી પટેલે શુભેચ્છા પાઠવેલ. તન્વી ફિલ્મ્સના શ્રી જગદીશભાઈ સોની તથા શ્રી મનુભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ. તેમજ નેચર ફર્સ્ટ સિમ્બોલીક ટી શર્ટ પણ વિતરણ કરી હતી. નિમેષભાઈ ચૌહાણ

અરીહંત સ્કૂલ દ્વારા ઈન્ટરનેશનલ યુથ ડે પર પીચ -૨૦૨૨ નું આયોજન

ગાંધીનગર,તા.૧૩

યુવાનોમાં અવનવા વિચારો તથા ઉદ્યોગ સાહસિકતા નો વિકાસ થાય તે હેતુ થી "યુનાઈટેડ નેશન્સ" દ્વારા દર વર્ષે ૧૨ ઓગસ્ટ ના રોજ **"International Youth Day "** (યુવાન દિવસ) ની ઉજવણી કરવામાં આવે છે.

આ ઉજવણી ના ભાગ રૂપે (અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરિસર્ચ ઈન્સ્ટીટયુટ, અડાલજ તથા એમ્ક્યોર ફાર્માસ્યુટીકલ્સ લીમીટેડ) દ્વારા ૧૨ ઓગસ્ટ,૨૦૨૨ ના રોજ "યુથ ટોવાર્ડસ હેલ્થ કેર ઈનોવેશન એન્ડ સ્ટાર્ટ અપ" ની થીમ પર પીચ -૨૦૨૨ ની કોમ્પિટિશન યોજવામાં આવી હતી. જેમાં સંસ્થાના વિધાર્થીઓને પ્રવર્તમાન મુદ્દાઓ જેવા કે ,**Innovative management in novel outbreak , Herbal medicinal approaches for various disease, Innovation for child health care , Innovative management v^a^erinary diseases like Lumpy virus** વગેરે આપવામાં આવ્યા હતા.

આ વિવિધ મુદ્દાઓ પર આધારિત ૧૭ નવા આઈડિયા તથા ૩ પ્રોટોટાઈપ પ્રેઝન્ટ કરવામાં આવ્યા હતા.જેમાં સંસ્થાના કુલ ૧૦ અલગ અલગ માર્ગદર્શકોના માર્ગદર્શન હેઠળ ૨૦ ટીમોના ૭૫ જેટલા વિધાર્થીઓ એ ભાગ લીધો હતો. આ કોમ્પિટિશનમાં ભાગ લીધેલા પ્રતિસ્પર્ધીઓને કુલ ૧૦ જેટલા માર્ગદર્શકો એ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને ડો .નિશિથ પટેલ (પ્રોફેસર અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી) એ આ સ્પર્ધાનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું. તથા પ્રવર્તમાન પરીસ્તીથીઓને પહોંચી વળવા માટે તથા નવા હેલ્થ કેર સોલ્યુશન જનરેટ કરવાના હેતુથી આ સ્પર્ધા માં વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા

જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાની સ્પર્ધા સેક્ટર ૧૨ સરકારી શાળા ખાતે યોજાયેલ હતી જેમાં લીંબોદરા હાઈસ્કૂલની વિદ્યાર્થીની હનિષા કુંવરબા નરેન્દ્રસિંહ વાઘેલાએ કાફ્ટ દ્વારા તિરંગો બનાવવાની સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબર મેળવ્યો હતો. તેને શાળાના શિક્ષક વિશાલ થોરાતે માર્ગદર્શન આપ્યું હતું

શેઠ સી.એમ. શાળા ખાતે વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા ની થીમ આધારિત ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર,તા.૧૩

શેઠ સી .એમ .શાળામાં આઝાદી કા અમૃત મહોત્સવ ની ઉજવણીના ભાગરૂપે શાળાના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ' તિરંગા' ની થીમ પર આધારિત ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ અને એક એક થી ચડિયાતી કૃતિઓ દોરી કરી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય ડો. ચેતના બુચે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ૭૫ વર્ષ પૂર્ણ થયા તે બદલ સૌને અભિનંદન આપ્યા હતા.આ સાથે જ શતાબ્દી વર્ષની ઉજવણી ખૂબ ભવ્ય રીતે આપણે સૌ ભેગા મળીને કરીશું તેવી સંકલ્પ પણ વ્યક્તકર્યો હતો. તેમજ આઝાદી મેળવવા માટે બલિદાન આપનાર સૌ દેશવાસીઓને યાદ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી. સમગ્ર આયોજનમાં શાળાના સુપરવાઈઝર મુકેશ પટેલ, મહેશ ખોરસમા, તેમજ શિક્ષકોનો સહયોગ રહ્યો હતો.

એસ.એસ.વી કેમ્પ, ખાતે તિરંગા યાત્રા યોજાઇ

ભારતના પનોતા પુત્ર અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતભરમાં અને હર ઘર ત્રિરંગા અંતર્ગત કરવામાં આવેલા આહ્વાન અનુસાર આજ રોજ **Ssv Campus** સેકટર -૩ના સંચલાકશ્રી અને શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના પ્રદેશના મુખ્ય સંગઠક ડૉ અશ્વિનભાઈ ત્રિવેદી (એડવોકેટ) અને ગાંધીનગર શહેર/જિલ્લા પ્રમુખશ્રી સુનિલભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં આજ રોજ SSV કેમ્પસ સેકટર -૩ ખાતેથી ભવ્ય થી ભવ્ય અને યાદગાર ત્રિરંગા યાત્રા યોજાઈ હતી.અને આ ૧કિલોમીટર લાંબી ત્રિરંગા યાત્રા સમગ્ર સેકટર-૩ ના વિસ્તારમાં ફરી હતી ઉપરોક્ત ત્રિરંગા યાત્રામાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના પ્રદેશના મુખ્ય સંગઠક ડૉ અશ્વિનભાઈ ત્રિવેદી (એડવોકેટ), પ્રદેશના મહિલા ઉપપ્રમુખ અને વોર્ડ નં-૯ ના કોર્પોરેટર શ્રીમતી શૈલાબેન ત્રિવેદી, ગાંધીનગર શહેર/જિલ્લા પ્રમુખશ્રી સુનિલભાઈ ત્રિવેદી, **SSV Campus** ના ટ્રસ્ટીશ્રી વિજયભાઈ પટેલ, જોડાયા હતા સંજયભાઈ રાજગોર, પ્રિન્સીપાલ ,શિક્ષકગણ,

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ દ્વારા સ્વતંત્રતા દિવસ ના પર્વ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ

ગાંધીનગર,તા.૧૩

બાળકો આપણા ભારત દેશ ના 'ત્રિરંગા' ને સન્માન આપે અને તે વિશે જાણે તથા તેમનામાં ક્રિએટિવિટી માં વધારો થાય તે હેતુથી આ એક્ટિવિટી યોજવામાં આવી હતી. બાળકોએ સુંદર મજાના ત્રિરંગા બનાવ્યા હતા. અલગ અલગ પ્રકારના નેશનલ સિમ્બોલ્સ , આપણા ત્રિરંગા ને અનુરૂપ એવા કેન્ડલ્સ પણ બનાવ્યા હતા. ત્યારબાદ સ્વતંત્રતા દિવસને અનુરૂપ ખુબ સુંદર મજાના બેજીસ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવ્યા હતા. વળી, વકતૃત્વ કૌશલ્ય વિદ્યાર્થીઓના ઉચ્ચારણ, જ્ઞાન તથા અભિવ્યક્તિ પ્રદર્શિત કરવામાં મદદ કરે છે. વકતૃત્વ સ્પર્ધા વિદ્યાર્થીઓને તેમની સ્વ-અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદ કરે છે. તો આ હેતુથી સ્કુલમાં વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી. જેમાં સ્વતંત્રતા દિવસ ની ઉજવણીને અનુરૂપ વિદ્યાર્થીઓને અલગ અલગ વિષયો આપવામાં આવ્યા હતા. તે ઉપરથી વિદ્યાર્થીઓએ પોતાની આગવી શૈલીમાં તેમનું વક્તવ્ય રજૂ કર્યું હતું.બાળકોએ ભારત દેશને વધુ આગળ લાવવા તથા હર હંમેશ સન્માન આપવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે અમૃત મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ઘ-૦ યુનિટ, ગાંધીનગરના સેકન્ડરી વિભાગના વિદ્યાર્થીઓએ આઝાદીના ૭૫મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે રાષ્ટ્રધ્વજને વિવિધ રીતે શણગારીને તેમજ સુંદર કલાકૃતિઓ બનાવીને રાષ્ટ્રભાવના પ્રદર્શિત કરી હતી. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ 'સેલ્ફી વીથ તિરંગા'માં ભાગ લઈ પોતાના ફોટા વેબસાઈટ પર અપલોડ કરી રાષ્ટ્રભાવના દર્શાવી હતી.

શાળાના ટ્રસ્ટી ડૉ. પ્રદીપ ગગલાણી અને આચાર્યા જ્યોતિ ભાવસારે વિદ્યાર્થીઓની સરાહના કરી સ્વાતંત્ર્ય દિવસની શુભકામના પાઠવી હતી

મગોડી હાઈસ્કૂલના આચાર્યશ્રીની રાજ્યના શ્રેષ્ઠ આચાર્ય તરીકે પસંદગી

ગાંધીનગર,તા.૧૩

જિલ્લાના મગોડી સ્થિત પી.આર ઠક્કર વિદ્યાવિહારના નિષ્ઠાવાન અને પ્રામાણિક આચાર્યશ્રી મનુભાઈ રામભાઈ પ્રજાપતિની તાજેતરમાં ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ તરીકે પસંદગી થયેલ છે શ્રી મનુભાઈ પ્રજાપતિ મગોડી માં છેલ્લા ૧૫ વર્ષથી આચાર્ય તરીકે સેવાઓ આપે છે તેમના વડપણ હેઠળ મગોડી હાઈસ્કુલ ને જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે ત્રણ વખત એવોર્ડ મળેલ છે ખેલ મહાકુંભમાં પણ દર વર્ષે આ શાળાના વિદ્યાર્થીઓ અગ્રેસર રહે છે મગોડી હાઈસ્કૂલનું ધોરણ ૧૦નું પરિણામ છેલ્લા દસ વર્ષથી ૮૦ ટકાથી વધારે તેમજ ધોરણ ૧૨ નું પરિણામ છેલ્લા ત્રણ વર્ષથી સો ટકા આવે છે પસંદગી થતા મગોડી ગામમાં તેમજ જિલ્લામાં આનંદનો માહોલ સર્જાયેલ છે

એસ.જી. અંગ્રેજી માધ્યમ શાળામાં દેશભક્તિના ગીત ગાન સ્પર્ધા

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ૭૬માં સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે ધોરણ-૫ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં જન્માષ્ટમીની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

અમારી શાળા શ્રી જે.એમ. ચૌ. સાર્વ. પ્રા. વિદ્યાલયમાં તા. ૧૩-૮-૨૨ ને શનિવારના રોજ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરવામાં આવી. આ મહોત્સવમાં ધો. ૧ થી ૫ ના બાળકોએ રસપૂર્વક ભાગ લીધો હતો.. આ કાર્યક્રમમાં રાધા-કૃષ્ણની સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ચૌ. મિત્તલબેન અને પટેલ સરલાબેને કર્યુ હતુ. આચાર્ય અંજનાબેન અને શિક્ષકમિત્રોએ વિદ્યાર્થીઓ સાથે કાનુડાના ગીતો ગાયા હતા.

માણસા તાલુકાના બિલોદરા ગામે ઉજવાશે આઝાદી અમૃત મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૩

માણસા તાલુકાના બિલોદરા ગામે ઈશ્વરસિંહજી શિવાજી ચાવડા હાઈસ્કૂલમાં ઈશ્વરસિંહ ચાવડા પૂર્વમંત્રી ગુજરાત રાજયના પ્રમુખસ્થાને ધર્મપાલસિંહ ચૌધરી પૂર્વ ચેરમેન સરદાર સરોવર નર્મદા નિગમના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ ૧૫મી ઓગષ્ટે સવારે ૮.૩૦ કલાકે યોજાશે. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો તથા ૧ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ જોડાશે. વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમો દ્વારા અનેરો ઉત્સવ યોજાશે.

આઝાદીના અમૃત મહોત્સવે ગુમા સ્પોર્ટસ દ્વારા સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૩

૧૫મી ઓગષ્ટના રોજ સવારે ૯.૩૦ વાગ્યે ગુમા કોમ્પલેક્ષ સેક્ટર-૧૪, ગાંધીનગર ખાતે શાનદાર ઉજવણી કરવામાં આવનાર છે. દેશની આન, બાન અને શાન વધે અને દેશપ્રેમ જાગૃત થાય તેટલા માટે દર વર્ષે ગુમા પરીવાર તરફથી શૌર્યગીતોની રમઝટ, ધ્વજવંદન, રમતગમત સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. બાળકોને ઈનામ, પુરસ્કાર આપવામાં આવે છે. મહાનુભાવોનું સન્માન કરવામાં આવે છે. આ વર્ષે આઝાદીના અમૃત મહોત્સવે વિશેષ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવશે. સૌને આ દેશભક્તિના કાર્યમાં ભાગ લેવા અને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે. ગુમા પરીવારના ઉમેશ ગુમાજી નિવૃત્ત એરફોર્સના ફ્લાઈંગ ઓફીસર છે અને રાજીવ ગુમા એથ્લેટિક્સમાં ઈન્ટરનેશનલ ગોલ્ડમેડાલીસ્ટ છે. આ કાર્યક્રમમાં મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર બચીબેન વિસાજી ઉ.વ.૬૫- ધણપ
- સ્વ. ગોસ્વામી જયગીરી અશ્વિનગીરી ઉ.વ.૨૬- માણસા
- સ્વ. રબારી જયશભાઇ ભગવાનભાઇ ઉ.વ.૭૫- પેથાપુર

● રૂદ્રભૂમિ ●

- સ્વ.પટેલ રાહુલ હિતેશભઆઇ ઉ.વ.૨૫- અડાલજત્રિ મંદિર
- સ્વ.સોનેજી જગદીશચંદ્ર રતિલાલા ઉ.વ.૭૪- સેક્ટર-૩